## મને વધારે જાણકારી ક્યાંથી મળી શકે?

વધારે માહિતી માટે કૃપા કરીને તમારા સ્થાનિક કમ્યૂનિટિ પનિશમેન્ટ ઓફિસરને પૂછો.

ECP (Gujarati) 08/03 OFF



# એન્હાન્સ્ડ કમ્યૂનિટિ પનિશમેન્ટ

(સુધારાયેલી સામાજિક સજા)



## તમારા માટે માહિતી

NATIONAL PROBATION SERVICE

હેતુસરની સજા

## એન્હાન્સ્ડ કમ્યૂનિટિ પનિશમેન્ટ (સુધારાયેલી સામાજિક સજા – Enhanced Community Punishment - ઈ.સી.પી) શું છે?

# ઈ.સી.પી. જેલમાં મોકલ્યા વગર ગુના કરતાં રોકવામાં તમને મદદ કરતી એક યોજના (સ્કીમ) છે.

સજા તરીકે તમે સમાજમાં પગાર વગરનું કામ કરશો.

તે કામથી બીજાં લોકોને મદદ થશે. તે તમને નીચેની બાબતોમાં સુધારો કરવામાં પણ મદદ થશે:

- કામની આવડતોમાં
- સમસ્યાઓ ઉકેલવાની આવડતોમાં
- તમારા વર્તન વિશે વિચાર કરવામાં
- હેરાનગતીથી દૂર રહી શકવામાં

અઠવાડિયાના સામાન્ય કામના દિવસોમાં અને શનિ-રવિવારે કામની બેઠકો યોજવામાં આવે છે. તમારી કામની બેઠકોનું આયોજન કરવામાં, અમે તમારી નોકરી અને કૌટુંબિક જવાબદારીઓ ધ્યાનમાં લઇશું.

## મારા માટે તેનો શું અર્થ થાય?

તમને સજા મળ્યા બાદ તમે તમારા કમ્યૂનિટિ પનિશમેન્ટ ઓફિસરને મળશો, જેઓ તમને ઈ.સી.પી. યોજના વિશે કહેશે અને તમારી આવડતો તથા જરૂરતો અનુસારનું કામ તમને આપશે.

તમારે દસ દિવસની અંદર તમારું કામ શરૂ કરી દેવાનું રહેશે અને તમે કેટલા આગળ વધ્યા છો તેનું નિયમિત રીતે પુનઃઅવલોકન કરવામાં આવશે.

## મારે શું કરવાનું રહેશે?

**તમારે:**

- બધી જ અપોઇન્ટમેન્ટોમાં હાજરી આપવી અને સમયસર હાજર થવું જરૂરી રહેશે
- હુકમ કરવામાં આવેલા બધા જ કલાક કામ કરવું અને તમને મળેલી સૂચનાઓનું પાલન કરવું જરૂરી રહેશે
- સરનામું બદલો તો અમને જાણ કરવી જરૂરી રહેશે
- હાજર રહી શકો તેમ ન હો તો અમને તાત્કાલિક જાણ કરવી જરૂરી રહેશે

જો તમે કોઇ માન્ય કારણ વગર બે કે તેથી વધારે બેઠકોમાં હાજરી નહિ આપો, તો તમને પાછા અદાલતમાં લઇ જવામાં આવશે અને જેલમાં મોકલવામાં આવી શકે.

**તમારે:**

- અપોઇન્ટમેન્ટ ન ચૂકવી કે મોડા ન પડવું જરૂરી રહેશે
- ડ્રગ્સ લીધાની કે દારુ પીધાની અસર હેઠળ હાજર ન રહેવું જરૂરી રહેશે
- વર્ણભેદ અને જાતિભેદ ભરેલું કે અપમાનજનક વર્તન ન કરવું જરૂરી રહેશે

તમારી સાથે કોઇ ભેદભાવ વગર ન્યાયી વર્તન કરવામાં આવે તે તમારો અધિકાર છે અને તમારે પણ બીજાં લોકો સાથે તેવી જ રીતે વ્યવહાર કરવો જરૂરી રહેશે. તમારે કોઇ ફરિયાદ કરવી હોય, તો કૃપા કરીને તમારા કમ્યૂનિટિ પનિશમેન્ટ ઓફિસર સાથે વાત કરો.